પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪૭ | ૧૯ નવેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; કારતક સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# માવઠું : રાજ્યમાં ભરશિયાળે વરસાદ

## દિયોદર તેમજ થરા પંથકમાં સતત અડધો કલાક સુધી વરસાદ : બનાસકાંઠામાં વહેલી સવારે કમોસમી માવઠું : અમદાવાદ શહેરમાં છુટોછવાયો વરસાદ પડ્યો હતો, સવારથી જ ઠંડા પવન સાથે વાતાવરણમાં પલટો જોવા મળ્યો, માવઠાના લીધે ઠંડી વધશે





બનાસકાંઠા,તા.૧૮

બનાસકાંઠા જિલ્લામાં આજે વહેલી સવારથી જ વાદળછાયા વાતાવરણ બધા બાદ કમોસમી માવઠું થયું હતું. કાંકરેજના થરા અને દિયોદર પંથકમાં વહેલી સવારે કમોસમી વરસાદ પડતા સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું જેના કારણે ખેતી પાકમાં નુકસાનની સાથે સાથે રોગચાળાની પણ દહેશત ફેલાઈ હતી હવામાન વિભાગ દ્વારા પાંચ દિવસ સુધી બનાસકાંઠા જિલ્લામાં પણ વરસાદની આગાહી કરવામાં આવી હતી. જેને પગલે આજે વહેલી સવારથી જ વાદળછાયુ વાતાવરણ થયુ હતું. જ્યારે કાંકરેજ તાલુકાના થરા અને દિયોદર પંથકમાં વહેલી પરોઢે વાદળછાયા વાતાવરણ બાદ અચાનક કમોસમી માવઠુ થયુ હતું. સતત અડધો કલાક સુધી વરસાદનાં કારણે સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. માવઠાનાં કારણે ખેડૂતોનાં જીવ પણ તાળવે ચોંટયા હતા અને આ બિન મોસમ વરસાદથી ખેતી પાકને નુકસાનની સાથે-સાથે રોગચાળાની દહેશત ફેલાઈ રહી છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે તેવામાં જો જિલ્લામાં પાંચ દિવસ સુધી વાદળછાયું વાતાવરણ અને વરસાદ થાય તો અનેક જગ્યાએ ખેતી પાક ને મોટું નુકસાન થાય તેવી ખેડૂતો ને ચિંતા સતાવી રહી છે. ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડવાની આગાહી હતી, જેના પગલે આજે વહેલી સવારે રાજ્યના ઘણાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. અમદાવાદ શહેર અને સાણંદ નજીક પણ વાતવરણમાં પલટો જોવા મળ્યો. ત્યારે સાણંદમાં પણ કમોસમી વરસાદ વરસ્યો હોવાની માહિતી સામે આવી છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસતાં ખેડૂતોમાં ચિંતા વધી છે. બીજી તરફ મહેસાણા જિલ્લામાં વહેલી સવારે માવઠું થયું અને કમોસમી વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં આગામી ૩થી ૪ દિવસ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી હતી.

### રાજ્યમાં કમોસમી વરસાદના પગલે બટાકા અને રાયડાના પાકને નુકશાન

હવામાન વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં તારીખ ૧૮ થી ૨૧ નવેમ્બર સુધી હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેને પગલે રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એલર્ટ બની ગયું છે. આગાહીના પ્રથમ દિવસે સવારથી જ વરસાદ શરૂ થતા ખેડૂતોમાં ખૂબ જ ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

જ્યારે બનાસકાંઠાના માર્કેટયાર્ડોમાં પડી રહેલો ખુલ્લો માલ પણ પડી જતા ખેડૂતો અને વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી.

હવામાન વિભાગની આગાહીને પગલે અનેક માર્કેટયાર્ડમાં કપાસની હરાજી તો સદંતર જ બંધ રાખવાની જાહેરાત કરાઈ છે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સૂત્રોના જણાવ્યા મુજબ વહીવટી તંત્ર દ્વારા દરેક માર્કેટયાર્ડ, ખેડૂતોને તેમજ વેપારીઓને અગાઉથી ચેતવણી આપી દેવામાં આવી હતી. આ ઉપરાંત વરસાદ થી ઉદ્ભવતી કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ તમામ તૈયારીઓથી સજ્જ છે.

## પાલનપુરમાં વરસાદ વચ્ચે ભૂકંપનો આંચકો અનુભવાયો

### ગુરૂવાર સવારે ૩.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી ધરતી ધણધણી ઉઠી

પાલનપુર,તા.૧૮

આજે બનાસકાંઠાથી જાણે કુદરત રુઠી હોય તેવુ લાગી રહ્યું છે. બનાસકાંઠામાં એક સાથે બે કુદરતી આફતો જોવા મળી. એક તરફ કમોસમી વરસાદની આફત વચ્ચે બનાસકાંઠામાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. સવારથી જ બનાસકાંઠાના વિવિધ તાલુકાઓમાં કમોસમી વરસાદનું તાંડવ જોવા મળી રહ્યું છે. પાલનપુરમાં આજે સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો છે. સવારે ૩.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી ધરતી ધણધણી ઉઠી હતી. સવારે ૩.૪૬ મિનિટે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. પાલનપુરથી ૬૧ કિમી તેનું કેન્દ્રબિંદુ નોંધાયું છે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં બે દિવસમાં બે વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. એક તરફ જમીની આફત વચ્ચે ઉપરથી વરસાદી આફત પણ બનાસકાંઠામાં જોવા મળી રહી છે. આજે હવામાનમાં આવેલા પલટાને કારણે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદ અનુભવાયો છે. જિલ્લામાં હવામાન વિભાગની આગાહીને લઈને કમોસમી વરસાદ મોડી રાતથી જ તૂટી પડ્યો છે. સવારથી જ લાખણી, થરાદ, દિયોદર, ભાભર પંથકમાં વહેલી સવારથી કમોસમી વરસાદ નોંધાયો છે. તો લાખણીના સેકરા, આગથળા, કોટડા સહિતના વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. આ કમોસમી વરસાદના કારણે ખેડૂતોની મુશ્કેલીઓ વધારી દીધી છે. તો પાડોશી જિલ્લા મહેસાણા અને પાટણમાં પણ કમોસમી માવઠું જોવા મળ્યું. મહેસાણા, કડી, બહુચરાજી, વડનગરમાં કમોસમી વરસાદ નોંધાયો છે.

પરમપૂજ્ય સમર્થશ્રી પ્રાગદાસબાપા ગોદડીયાની

૧૦૩મી જન્મજયંતિ

ત્રિદેશીય શક્તિ ધરાવતા સમર્થ શ્રી પ્રાગદાસ બાપા ગોદડીયા જેમણે સામાજીક ક્ષેત્રે ઉચ્ચતમ કક્ષાએ પહોંચવાની સર્વાંગી વિકાસની તકોનો ત્યાગ કરી યુવાન વયે ભારતીય સંસ્કૃતિના દર્શનાર્થે આધ્યાત્મિક મહામાર્ગ પંથી બની સનાતન ધર્મને માધ્યમ બનાવી અનેકના જીવનમાં આધ્યાત્મના અજવાળા પાથરનાર બન્યા તથા સ્વાતંત્ર્ય સેનાની કે જેઓએકોઈ સરકારી સન્માન કે કોઈપણ જાતનું સરકારી વળતર સ્વીકાર્યુ ન હોય તેવા સ્વાતંત્ર્ય સેનાની, પારદર્શક નિરાળું વ્યકિતત્વ, મસ્ત ફકીર, જેણે સેવ્યા તેના માટે પારસમણિ, સમાજને બેઠો કરવા જીવનપર્યંત કાર્યરત, શિક્ષણ સેવા-સંસ્કાર, સદાવ્રતના સંચાલક, નોંધારાના આધાર, તરસ્યાની પરબ એવા પરમ પૂજ્ય પ્રાગદાસ બાપા ગોદડીયાની ૧૦૩ મી જન્મ જયંતિદિને પરમ પૂજ્ય પ્રાગદાસ બાપાના ચરણોમાં કોટી કોટી વંદન.

ડો. એન. પી. પટેલ અને સમગ્ર ગોદડીયા પરિવાર

પ.પૂ.પ્રાગદાસ બાપા ગોદડીયાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ,

રામવાડી-૧, જુનાગઢ અને

પ.પૂ.પ્રાગદાસ બાપા ગોદડીયાની રામમઢી,

મુ.જૂનામાંકા, તા.હારીજ, જી.પાટણ તથા

વેસ્ટર્ન ગ્રુપ પરિવાર



પૂજ્ય પ્રાગદાસ બાપા

સૌજન્ય : WESTERN SEEDS Since 1983 ® વેસ્ટર્ન એગ્રી સીડ્સ લિ. જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગર